## <u>અમદાવાદના મહે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૧૩, અમદાવાદ.</u>

**ફોજદારી કેસ નં.80894/2023**
**આંક:-**

શ્રી સરકાર .....ફરીયાદી

વિરૂધ્ધ

ભાવેશકુમાર પ્રવિણભાઈ પરમાર વગેરે-ર ........ આરોપીઓ

**<u>આરોપ: જુગારધારા કલમ :- ૧ર મુજબ</u>**

**::<u>ઠ રા વ</u> ::**

(૧). આ કામે ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીઓ જાહેરમાં ગોળ કુડાળુ વળી ગંજીપાના વડે પૈસા વતી હાર જીતનો તીન પીતનો જુગાર રમતા જુગારના સાહિત્ય સાથે પકડાઈ જઈ જુગાર ધારાની કલમ ૧ર મુજબનો ગુનો કરેલ છે.

(ર). આરોપીઓ અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીઓને પોલીસ પેપર્સની નકલો આ પ્યા બાદ, આરોપીઓની ગુના સબબ પ્લી નોંધતા, આરોપીઓએ પોતાની સામેના ગુનાનો સ્વેચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

(૩). આરોપીઓએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીઓએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં કરવા ખાતી આપતા હોય, આ કામના આરોપીઓએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીઓને સજા કરવી જોઈએ તેમ માનુ છું, પરંતુ આરોપીઓની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ આરોપીપક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલ રજુઆતો લક્ષમાં લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર ર૦૦૫(૧) જી. એલ. આર. પાના નં. ૭૦૯ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને લક્ષમાં લેતા, આ કામમાં આરોપીઓને હાલના ગુના સબબની કલમમાં ન્યુનતમ સજા નિયત કરેલી ના હોય, દંડની સજા કરવી જોઈએ તેમ માનું છું. આરોપીઓની સામેના ગુનાને લક્ષમાં લેતા

સામાન્ય કુટુંબના વાતાવરણમાંથી આવતા હોય, આવા પ્રકારના સંજોગોમાં તેઓની રજુઆતો લક્ષમાં લેતા આરોપીઓને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા રહયા, જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચેનો હુકમ કરવામાં આવે છે.

## :: હુ ક મ ::

(૧) આ કામના પ્રત્યેક આરોપીને કિ.પ્રો.કોડની કલમ ૨૫૨ મુજબ જુગાર ધારાની કલમ–૧૨ મુજબના ગુના આરોપીને તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને **રૂા. ૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો) એમ કુલ રૂા.૩૦૦×૩ = ૯૦૦ /– (અંકે રૂપિયા નવસો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરે તો પ્રત્યેકને દિવસ ૦૬ (છ) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કિમતી મુદ્ધામાલ અથવા મોબાઈલ ફોન/વાહન બાબતે કોઈ વચગાળાની કસ્ટડીનો હુકમ કરેલ હોય તો તેને કાયમ કરવામાં આવે છે. અને અપીલ સમય વિત્યે તે હુકમમાં મુકવામાં આવેલ શરતો રદ કરવામાં આવે છે અને જો કિમતી મુદ્ધામાલ બાબતે કોઈ હુકમ કરવામાં આવેલ ના હોય તો તેવો મુદ્દામાલ તેના માલીકી અંગેના ઓળખ પુરાવા મેળવી પરત સોંપવાનો હુકમ કરવામા આવે છે. અપીલ સમય વિત્યે અંગઝડતી તથા આક્ષેપિત દાવ ઉપરની રોકડ રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. અપીલ સમય વિત્યે બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવો.

(૩) હુકમ મુજબ લગત પોલીસ સ્ટેશનને યાદી કરવી.

હુકમ આજરોજ તા.૨૨મી, માહે.જુન, સને–૨૦૨૪ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

**તા.૨૨/૦૬/૨૦૨૪**
**અમદાવાદ.**

**(એ.જી. ઓઝા)**
**એડિ.ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૧૩, અમદાવાદ.**
**કોડ નં. GJ-00839**